અગાઉ નોંધાયેલ તેમજ હયાત ટ્રાન્સપોર્ટ વાહનો જેવા કે બધાજ ટ્રક અને બસમાં ફરજીયાત HSRP ફીટમેન્ટ અંગેની ઝુંબેશ શરૂ કરવા બાબત.

વાહન વ્યવહાર કમિશનરની કચેરી,
બ્લોક નં. ૬, બીજેમાળ, જુના સચિવાલય,
ગુજરાત રાજ્ય,ગાંધીનગર

પરિપત્ર ક્રમાંક :આઈ.ટી./HSRP/ફીટમેન્ટ/ટ્રક-બસ/૨૦૧૫/ ૫૭૩૨

તા. /૦૭/૨૦૧૫ 1 AUG 2015

વંચાણે લીધા : (1)અત્રેની કચેરીના પરિપત્ર ક્રમાંક –આઈટી-એચએસઆરપી-અ,અમલીકરણ/હયાત વાહનો/ ૨૦૧૫/૫૨૮૨, તા.૧૫.૦૭.૨૦૧૫

(2) અત્રેની કચેરીના પરિપત્ર ક્રમાંક –આઈટી/એચએસઆરપી/અમલીકરણ/હયાત વાહનો/ ૨૦૧૪/૬૨૬૯, તા.30.0૮.૨૦૧૪

## પરિપત્ર

રાજ્યમાં HSRP પ્રોજેક્ટના અમલીકરણ માટે તા.૨૬.૦૫.૨૦૧૨ ના રોજ મેસર્સ એફટીએ એચએસઆરપી સોલ્યુશન પ્રા.લી ,ગાંધીનગર સાથે કરાર કરવામાં આવેલ છે .તા.૧૬.૧૧.૨૦૧૨ થી રાજ્યમાં HSRP પ્રોજેક્ટની અમલવારી કરવામાં આવેલ છે.હાલ,રાજ્યની તમામ આર.ટી.ઓ /એઆરટીઓ કચેરી ખાતે નવા નોંધાતા તમામ પ્રકારના વાહનો પર HSRP લગાડવાની કામગીરી કરવામાં આવે છે .

નામ.સુપ્રીમ કોર્ટના આદેશ અને ભારત સરકારની સુચના અન્વયે તમામ પ્રકારના વાહનો પર HSRP લગાડવી ફરજીયાત છે .હાલ, આ યોજના રાજ્યમાં નવા નોંધાતા વાહનો માટે અમલી છે .અગાઉ નોંધાયેલ તેમજ હયાત વાહનો પર HSRPની અમલવારી તબક્કાવાર શરૂ કરવા માટે સર્વગ્રાહી સૂચનાઓ વંચાણે લીધા (૧) અને (૨)નાં પરિપત્રથી બહાર પાડવામાં આવેલ છે.આ બાબતે અત્રેથી પણ અવારનવાર સુચનાઓ આપવામાં આવેલ છે છંતા પણ આ કામગીરીની યોગ્ય અમલવારી થયેલ નથી તેવું જણાઈ આવે છે.વધુમાં સમયાન્તરે અત્રે રાખવામાં આવતી આરટીઓ/એઆરટીઓ સમીક્ષા બેઠકમાં આ બાબતે પણ ચર્ચા કરવામાં આવેલ છે.

તા.૧૬.૦૭.૨૦૧૫ ના રોજ મળેલ આરટીઓ /એઆરટીઓની સમીક્ષા બેઠકમાં માન.અગ્ર સચિવશ્રી(બંદરો અને વા.વ્ય વિભાગ) દ્વારા આપેલ સુચનાં અન્વયે **<u>તા.30 નવેમ્બર ૨૦૧૫</u>** સુધીમાં અગાઉ નોંધાયેલ તેમજ હયાત ટ્રાન્સપોર્ટ વાહનો જેવા કે **<u>તમામ ટ્રક અને બસમાં</u>** ફરજીયાતપણે HSRP ફીટમેન્ટ થાય તે માટે ઝુંબેશ શરૂ કરવા કરવા જણાવેલ છે.આ સંદર્ભે આવા તમામ વાહનોમાં HSRP ફીટમેન્ટ થાય તે માટે આપની કક્ષાએથી વંચાણે લીધા ૧ અને ૨ પરિપત્રની સૂચનાઓ અન્વયે આગળની કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.આ કામગીરી અંતર્ગત જે ટ્રાન્સપોર્ટ વાહનોની HSRP લગાડવામાં આવેલ હોય તેની માહિતી અત્રેની કચેરીને દર માસની એક અને પંદર તારીખે નીચે દર્શાવ્યા મુજબના નમૂનામાં અચૂક મોકલવી.

| ક્રમ | વાહન નોંધણી નંબર | વાહનનો પ્રકાર | HSRP ફીટમેન્ટ તારીખ |
|---|---|---|---|
| | | | |

સદર પરિપત્રમાં આપવામાં આવેલ સુચનાઆનો ચુસ્તપણે તાત્કાલિક અસરથી અમલ કરવાનો રહેશે.

બીડાણ : ઉપર મુજબ

વાહન વ્યવહાર કમિશનર
ગુજરાત રાજ્ય,ગાંધીનગર

Akhil Gujarat Truck Transport Association

E:\GOIT BRANCH\01 IT BRANCH\03 IT.doc..270